**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૦/૦૯/૨૦૧૭ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૭૦/૧૭**

**મહિલા ક્રાઇમ બ્રાન્ચ :**

અમદાવાદ શહેર મહિલા પોલીસે નવરાત્રી મહોત્સવ દરમ્યાન નવમાં નોરતે પણ શહેર ના વિવિધ વિસ્તારોમાંથી ડીકોય ટીમો ગોઠવી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમા ને ન છાઝે તેવું વર્તન કરતા ૭ યુવાનોને ઝડપી પાડયા.

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી તથા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ અને નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ નવરાત્રી મહોત્સવ અન્વયે સમગ્ર અમદાવાદ શહેરમાં પાર્ટી પ્લોટ, કલબો, શેરીઓમાં ગરબાનુ આયોજન થતુ હોય છે. આ દરમ્યાન સ્ત્રીઓની છેડતીના બનાવો ન બને તે માટે એકશન પ્લાન ઘડી કાઢી સઘન પેટ્રોલીંગ બંદોબસ્ત જાળવી આવા કોઇ બનાવો ન બને તે માટે સુચના કરેલ. જે આધારે અત્રેના મહિલા પોલીસ સ્ટેશન પુર્વ/પશ્ચિમ અને એસ.ઓ.જી. તથા સાયબર સેલ ના મહિલા અધિકારી/કર્મચારીઓને ડીકોયની બે ટીમ તથા મહિલા હેલ્પ લાઇન-૧૮૧ ની ૧૦ ટીમો તેમજ અન્ય ૫ ટીમો બનાવી સમગ્ર અમદાવાદ શહેરમાં નવરાત્રીના નવમાં નોરતે પણ બંદોબસ્ત પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ આ દરમ્યાન ડીકોયની ટીમોએ ખાણી-પીણી ના બજારો, જાહેર જગ્યાઓ તેમજ કલબો અને વિવિધ ગરબા વાળી જગ્યાઓએ વોચ ગોઠવેલ આ દરમ્યાન મહિલા કર્મચારીઓને ટ્રેડીશનલ ડ્રેસમાં મોકલી ડીકોય ગોઠવતા કુલ્લે- યુવાનો ને ડીકોયમાં મોકલેલ ટ્રેડીશનલ ડ્રેસવાળી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમા ને ન છાઝે તેવું વર્તન કરતા મળી આવતા ઝડપી લેવામાં આવેલ છે. તમામ આરોપીઓ વિરૂધ્ધમાં મહિલા પોલીસ સ્ટેશન પશ્ચિમ/પુર્વ ખાતે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હો નોંધવામાં આવેલ છે. અને આગળની તપાસ જારી છે. તેમજ શહેર મહીલા સમિતી, વોર્ડ મહીલા સમિતી, વિવિધ એનજીઓ અને ખાનગી વાતમીદારોને આગામી નવરાત્રીના દિવસોમાં આવી અસામાજીક પ્રવૃતિ કરતા યુવાનોની માહીતી મળેતો મહીલા પોલીસ સ્ટેશન પશ્ચિમ/પુર્વ ખાતે અથવા તો કંટ્રોલરૂમ અથવા એસીપી મહીલા સેલ અને મહીલા હેલ્પલાઇન -૧૮૧ ને જાણ કરવા અલગ અલગ ગ્રુપમા સોસિયલ મીડીયાથી જાણ કરવા જાણ કરવામા આવેલ હતી. અને આમ તા.૨૧/૦૯/૨૦૧૭થી તા.૨૯/૦૯/૧૭ નવરાત્રી મહોત્સવ દરમ્યાન અમદાવાદ શહેર ના જુદા જુદા વિસ્તારો માંથી આજ દિન સુધીમાં કુલ્લે- 60 યુવાનો પકડવામાં આવેલ છે. તા.૩૦/૦૯/૧૭

**<u>વટવા પોલીસ સ્ટેશન :</u>**

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

**<u>શરીર સબંધી</u>**

મે. પોલીસ કમિશ્નરશ્રીના અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૬૪૦/૨૦૧૭ તા.૨૭/૦૯/૨૦૧૭ પાસા અટકાયતી નામે અસ્લમ ઉર્ફે ગોદડી સ/ઓ ગુલામમોહમંદ નુરમોહંમદ જાતે-શેખ ઉવ.૧૯ રહે, બ્લોક નંબર ૬૦ મ.નં. ૧૯૧૯ સદભાવનાનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ શરીર સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૯/૦૯/૨૦૧૭ ના કલાક ૧૮/૧૫ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.